# ભારતીય જનતા પાર્ટી

ગુજરાત પ્રદેશ

પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com

પ્રેસનોટ

તા. : ૨૩/૦૧/૨૦૧૦

## ચોટીલા - સાયલા વિધાનસભા પેટા ચુંટણીમાં ભાજપનો ઐતિહાસિક વિજય

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ જણાવેલ છે કે, ચોટીલા-સાયલા વિધાનસભા પેટા ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ૨૨૩૬૮ મતોની સરસાઈથી ભવ્ય વિજય થયેલ છે. ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસન દ્વારા રાજ્યના વિકાસની સાથે ચોટીલા વિધાનસભા ક્ષેત્રના મતદારોએ જોડાવાનો જન ચુકાદો આપેલ છે. થોડા મહિનાઓ પહેલા જ આ વિસ્તારની પેટા ચુંટણીમાં કૉંગ્રેસ પાસેથી વિધાનસભાની આ બેઠક આંચકી લઈને ભાજપે વિજય પ્રાપ્ત કરેલ. ચુંટાયેલ પ્રતિનિધિ શ્રી વશરામભાઈ ખોરાણીના દુ:ખદ અવસાનથી પુન: આ બેઠક ખાલી થયેલ. ભાજપ દ્વારા શ્રી ભરતભાઈ વશરામભાઈ ખોરાણીને ઉમેદવાર બનાવીને લોક ચુકાદો પ્રાપ્ત કરવા કમર કસેલ અને થોડા મહિનાઓ પહેલા જ કૉંગ્રેસ પાસેથી ૭૫૦૦ મતોથી જે બેઠક મેળવી લીધેલ તે મતોમાં જંગી વધારા સાથે ૨૨૩૬૮ મતોના તફાવતથી પુન: ભાજપે ભવ્ય વિજય પ્રાપ્ત કરેલ છે. એટલું જ નહિ કૉંગ્રેસના પ્રદેશ અગ્રણીને મતદારોએ નકારીને કૉંગ્રેસને જાકારો આપેલ છે. શ્રી જાડેજાએ વધુમાં જણાવેલ કે, ચોટીલા-સાયલા-થાન વિધાનસભા ક્ષેત્રના મતદારો રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાજપની સરકારના વિકાસના સાથીદાર બનીને આ વિસ્તારમાં પણ ભાજપ પ્રતિનિધિ દ્વારા વિકાસ હાથ ધરવા માંગે છે. કૉંગ્રેસને ત્રીજા ક્રમે મુકીને આ વિસ્તારમાં કૉંગ્રેસે અત્યાર સુધી કોઈ કામો કર્યા નથી કે થવા દીધા નથી તેવું લોક ચુકાદા દ્વારા બતાવી આપેલ છે.

પ્રદેશ અધ્યક્ષ માન. શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવેલ કે, ભાજપના સેંકડો કાર્યકર્તાઓની અથાગ મહેનતનું પરિણામ પ્રાપ્ત થયેલ છે. મતદારોનો આભાર માનતા તેમણે જણાવેલ છે કે, કેન્દ્રની સરકારની નિષ્ફળતાઓ અને મોંઘવારીને નાથવામાં નિષ્ફળ રહેલી કૉંગ્રેસને લોકશાહી પદ્ધતિથી જવાબ આપેલ છે. શ્રી રૂપાલાજી એ ભાજપની સમગ્ર ટીમને અથાગ મહેનત દ્વારા પ્રાપ્ત કરેલ ઐતિહાસિક પરિણામ માટે અભિનંદન આપેલ છે.